**જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) એક્ટ-૨૦૦૦ અને સુધારેલ એક્ટ ૨૦૦૬ હેઠળના નિયમોની જોગવાઈઓનો રાજયભરમાં અમલ કરવા બાબત.**

**ગુજરાત સરકાર,**
**ગૃહ વિભાગ,**
**પરિપત્ર ક્રમાંકઃમહલ/૧૦૨૦૧૧/૧૨૪૩/ઝ**
**સચિવાલય, ગાંધીનગર**
**તા. ૨૩/૫/૨૦૧૧**

**પરિપત્ર :-**

ભારત સરકારના જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) એક્ટ,૨૦૦૦ અને તે પછીના સુધારેલ એક્ટ,૨૦૦૬ના પરિપ્રેક્ષ્યમાં ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગે તા.૧૪/૨/૨૦૧૧ની અધિસૂચના ક્રમાંકઃ જીએચ/એનએચ/૨/૨૦૧૧/જેજેએ-૧૦૨૦૦૮-૧૬૪૦-છથી "મોડેલ રુલ્સ" બહાર પાડેલ છે. સદરહુ એક્ટ અને મોડેલ રુલ્સને ધ્યાનમાં રાખી, ગૃહ વિભાગને સ્પર્શતી બાબતો અંગે ધ જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) એક્ટની જોગવાઈઓનું રાજયમાં પૂર્ણતઃ પાલન થઈ શકે તે હેતુસર નીચેની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

જુવેનાઈલ જસ્ટીસ (બાળકોની કાળજી અને રક્ષણ)અધિનિયમની કલમ-૧૦, કે, જે કાયદાના સંઘર્ષમાં આવતાં કિશોરની અટકાયત બાબતે છે કાયદાના સંઘર્ષમાં આવતાં કિશોરની અટકાયત કરવામાં આવે ત્યારે ખાસ કિશોર પોલીસ એકમ (SJPU) અથવા નિયત પોલીસ અધિકારીને હવાલે કરવાનો રહેશે. જે કોઈપણ જાતના સમયનો બગાડ કર્યા વિના ૨૪ કલાકની અંદર બોર્ડ સમક્ષ રજૂ કરશે. જેમાં કિશોરની અટકાયત અને બોર્ડ સુધીની મુસાફરી માટેના જરૂરી સમયને બાકાત રાખવામાં આવશે પરંતુ, કોઈપણ સજોગોમાં કાયદાના સંઘર્ષમાં આવતાં કિશોરને પોલીસ હવાલાત અથવા કારાગૃહમાં રાખી શકાશે નહી. આ ઉપરાંત, પ્રસ્તુત અધિનિયમની કલમ -૧૧, એ જાપ્તો રાખનારનો કિશોર ઉપરના અંકુશ અંગેની છે જયારે કલમ ૧૩માં અટકાયત કરવામાં આવેલ કિશોરની તેના માતા-પિતા અથવા પ્રોબેશન અધિકારીશ્રીને તુરત જાણ કરવા અંગેની છે. તે બાબતે કરેલી જોગવાઈઓને લક્ષમાં લઈને તેનો ચુસ્તપણે અમલ થાય તે પ્રમાણેની કાર્યવાહી કરવાની રહેશે.

આ ઉપરાંત, જયારે કોઈપણ કિશોર કાયદાના સંઘર્ષમાં આવતો હોવાનો આક્ષેપિત હોય તો તેની પોલીસ ધ્વારા જેવી ધરપકડ કરવામાં આવે ત્યારે સંબંધિત પોલીસ અધિકારીએ/સંસ્થાએ બાળક/કિશોરને પ્રથમ રજુ કરવા બાબતે અને ત્યારબાદ લેવાના પગલાં સંબંધી જોગવાઈઓ જુવેનાઈલ જસ્ટીસ રુલ્સ-૨૦૧૧ ના નિયમ-૧૧ માં આપવામાં આવેલી છે તે જોગવાઈઓને સુસંગત રહીને કાર્યવાહી કરવાની રહેશે.

જુવેનાઈલ જસ્ટીસ (બાળકોની કાળજી અને રક્ષણ) અધિનિયમ ૨૦૦૦ની કલમ-૬૩ અંતર્ગત દરેક જીલ્લા/શહેરમાં ખાસ કિશોર પોલીસ એકમ (Special Juvenile Police Unit)ની રચના કરવાની જોગવાઈ છે તદઅનુસાર, પ્રસ્તુત અધિનિયમની કલમ-૬૩ મુજબ દરેક જીલ્લા મથક/શહેરમાં એક ખાસ કિશોર પોલીસ એકમની (SJPU) રચના કરવાનું જણાવવામાં આવે છે. પ્રસ્તુત એકમ જીલ્લા કક્ષાએ

પોલીસ અધિક્ષકની કચેરીમાં અને કમિશ્નરેટ વિસ્તારમાં કમિશ્નરની કચેરીમાં બનાવવાનું રહેશે. પ્રસ્તુત એકમ પોલીસ ઈન્સપેક્ટર થી નીચેની દરજ્જાના ન હોય તેવા અધિકારીશ્રીના વડપણ હેઠળ કામ કરશે. અને જીલ્લા કક્ષાએ સમયાંતરે આવી કામગીરીનું સંકલન તથા મૂલ્યાંકનની (ovrsee) કામગીરી પોલીસ અધિક્ષકશ્રીએ/પોલીસ કમિશ્નરશ્રીએ કરવાની રહેશે.

જુવેનાઈલ જસ્ટીસ એક્ટ–૨૦૦૦ની કલમ ૬૩ની પેટા કલમ(૨)માં સૂચવેલ જોગવાઈ અનુસાર જીલ્લામાં આવેલા દરેક પોલીસ સ્ટેશનમાં જેને આ કાર્ય માટે અભિરૂચિ હોય અને તાલીમ મેળવેલ હોય તેવા ASI અથવા હેડ કોન્સ્ટેબલ કક્ષાના અધિકારીને જુવેનાઈલ અથવા ચાઈલ્ડ વેલ્ફેર ઓફિસર તરીકે નિયુકત કરવાનાં રહેશે, જે કિશોરો અને બાળકોને પોલીસની સાથે મળીને સહકારમાં કાર્ય કરશે અને જુવેનાઈલ જસ્ટીસ રૂલ્સ–૨૦૧૧ના નિયમ ૮૫(૧)માં કરેલ જોગવાઈ મુજબ તેઓની કામગીરીમાં મદદરૂપ થવા માટે બે (Paid) સામાજિક કાર્યકરોની સેવાઓ ઉપલબ્ધ કરાવી શકાશે. આ બે સામાજિક કાર્યકરો કે જેઓને બાળ કલ્યાણની કામગીરીનો બહોળો અનુભવ હોવો જોઈએ. આ બે સામાજિક કાર્યકરો પૈકી એક મહિલા કાર્યકર અવશ્ય હોવી જોઈએ. આ સામાજિક કાર્યકરોની સેવાઓ સંબંધિત જીલ્લાના કલેકટરશ્રી પાસેથી મેળવવાની રહેશે.

– જે પોલીસ અધિકારીઓનું ઉપર પ્રમાણ નામાભિધાન કરવામાં આવ્યુ છે અને જેઓને કિશોરો અને બાળકોની સાથે કામ પાર પાડવાનું (હેન્ડલ) છે તે ઓફિસર સ્પે. જુવેનાઈલ પોલીસ યુનિટના સભ્યો હશે. આવું યુનિટ દરેક જીલ્લામાં/શહેરમાં ઉભુ કરવાનું રહેશે, જેનું કામ પોલીસ બાળકો અને કિશોરો સાથે જે રીતે કાર્ય કરે તે પ્રમાણે પોલીસ ટ્રીટમેન્ટને ઉચ્ચ સ્તરે પૂરી કાળજીથી લાવવાની રહેશે.

– ખાસ કિશોર પોલીસ યુનિટમાં કામ કરતા જુવેનાઈલ/ચાઈલ્ડ વેલફેર ઓફિસરની બદલી અને નિયુકિત આ પ્રકારના આવા અન્ય યુનિટમાં કરવાની રહેશે પરંતુ, બઢતીના અપવાદ રૂપ કિસ્સામાં તેઓના સ્થાને અન્ય પોલીસ અધિકારીની જુવેનાઈલ વેલફેર ઓફિસર તરીકે નામાભિધાન કરી નિમણૂક કરી શકાશે.

જીલ્લા કક્ષાએ રચવામાં આવેલા સ્પેશ્યલ જુવેનાઈલ પોલીસ યુનિટ સાથે આચરવામાં આવતી તમામ પ્રકારની ક્રૂરતા, ગાળાગાળી (Abuse) અને જાતિય સતામણી (માનસિક અને શારીરિક) ની સાથે કાયદાકીય રક્ષણ આપવાની કાર્યવાહી, સર્તકતા અને સંકલન અંગેની કાર્યવાહી કરવાની રહેશે. અને જુવેનાઈલ જસ્ટીસ રુલ્સ–૨૦૧૧ ના નિયમ–૮૫ અંતર્ગત નિર્દેશિત કરેલા કાર્યો સ્પે.જુવેનાઈલ પોલીસ યુનિટે કરવાના રહેશે.

આ એકમ સ્વૈચ્છિક સંસ્થાઓ, પંચાયતો, ગ્રામ સભાઓ અથવા નિવાસી કલ્યાણકારી મંડળો (Resident Welfare Association)નો સહયોગ લઈ બાળકોને રક્ષણ પુરું પાડવામાં ઉભા થતાં કાયદાકીય અવરોધોને અલગ કરી, બાળકોની વિરુધ્ધ આચરવામાં આવતી હિંસા, બાળકો પ્રત્યેની બેદરકારી અને બાળકો સાથે થતી ગાળાગાળીને નિવારવાની કાર્યવાહી કરશે. આ કામગીરી જુવેનાઈલ જસ્ટીસ રૂલ્સ ૨૦૧૧ના નિયમ ૮૫(૭) અંર્તગત કરવાની રહેશે.

– આ એકમો ખાસ કરીને રાજય સરકાર ધ્વારા માન્યતા પ્રાપ્ત રક્ષણ આપતી સ્વૈચ્છિક સંસ્થાઓનો સહયોગ મેળવશે કે જે સ્પેશ્યલ જુવેનાઈલ પોલીસ યુનિટને તથા સ્થાનિક પોલીસ સ્ટેશનને મદદ એવા કિસ્સામાં કરશે કે જયાં બાળકની ધરપકડ વખતે જરુરી અહેવાલ તૈયાર કરવો, બાળકનો જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ સમક્ષ રજૂ કરતાં પહેલાં અને બોર્ડ સમક્ષ રજુ કરવામાં આવે ત્યાં સુધીમાં બાળકનો પ્રત્યક્ષ હવાલો સંભાળવાનો રહેશે. જે કાર્યવાહી નિયમ–૧૧(૧૨)માં નિહિત છે.

બાળકને શારીરિક કે માર્નસિક ત્રાસ આપવાના કિસ્સામાં, જરુરી/યોગ્ય તપાસ હાથ ધર્યા પછી, કોઈ પોલીસ અધિકારી ગુનેગાર જણાશે તો તેઓને સેવામાંથી દૂર કરવાના રહેશે. તે ઉપરાંત, તે ગુના સબબ તેઓની સામે ફોજદારી કાર્યવાહી પણ હાથ ધરવાની રહેશે. જે કાર્યવાહી નિયમ ૮૫(૧૧)માં નિહિત છે.

ઉપર સુચવ્યા મુજબની સુચનાઓનો રાજયભરમાં નિષ્ઠા અને કાળજીપૂર્વક અક્ષરશઃ કડક અમલ કરવામાં આવે તે સારુ જિલ્લા મથકના પોલીસ અધિક્ષકશ્રીઓ તથા કમિશ્નરરેટ વિસ્તારના પોલીસ કમિશ્નરશ્રીઓને આથી સુચના પરિપત્રિત કરવામાં આવે છે.

અધિક પોલીસ મહાનિદેશકશ્રી(અનુસૂચિત જાતિ/જનજાતિ/માનવ અધિકાર અને નબળા વર્ગો) એ સદરહુ એકટની જોગવાઈઓનું રાજયભરમાં પાલન કરવા સારુ સમયાંતરે આ સંબંધે થયેલ કાર્યવાહીનું મુલ્યાંકન અને નિયંત્રણ કરી, રાજય સરકારમાં અહેવાલ મોકલી આપવાનો રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.જે.બ્રહમક્ષત્રિય)
ઉપ સચિવ,
ગૃહ વિભાગ.

**પ્રતિ,**

૧. અગ્ર સચિવશ્રી,સમાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

૨. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, પોલીસ ભવન,ગાંધીનગર. તરફ જાણ તથા જરુરી કાર્યવાહી સારુ.

૩. અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઈ.ડી.(ક્રા. અને રે)ગુજરાત રાજય,ગાંધીનગર.

૪. તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ

૫. તમામ આઈજીપીશ્રીઓ/ડી.આઈ.જી.પી.શ્રીઓ

૬. તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ

૭. સચિવાલયના તમામ વિભાગો

૮. આઈ.ટી.શાખા,ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર –પ્રસ્તુત પરિપત્ર વિભાગની વેબસાઈટ ઉપર મૂકવાની વિનંતી સહ.

૯. નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઈલ.